# સુરત શહેરમાં ઈલેક્ટ્રોનિક માધ્યમના સાધનો દ્વારા બોગસ ડોમીસાઈલ સર્ટી આવકના દાખલા નોન ક્રિમિલેયર સર્ટી વિગેરે બનાવતા ઈસમોને ઝડપી પાડતી પુણા પોલીસ.

તા:-૦૩/૦૭/૧૮ ના રોજ ફરીયાદીશ્રી તેમજ વાલી મંડળના સભ્યો દ્વારા સુરત શહેરમાં અમુક લોકો મોટી રકમ લઈ બોગસ ડોમીસાઈલ સર્ટી આપે છે. તેવી રજુઆત કરતા રજુઆતના આધારે અલગ અલગ વિસ્તારમાં સ્થાનિક પોલીસ દ્વારા બોગસ ડોમીસાઈલ સર્ટિફિકેટ ઈસ્યુ કરતા શકમંદો ઉપર રજુઆત કરનારના સહકારથી ખરાઈ કરાવી વોચ રાખેલ જેના ભાગરૂપે પુણા પો.સ્ટે. ના પોલીસ સ્ટાફના માણસો સાથે સંયુક્ત રાહે તપાસ દરમ્યાન અર્ચના સ્કુલની બાજુમાં આવેલ કાતરીયા એન્ડ કંપની ચલાવતા ભાવેશભાઈ એમ. કાતરીયા તથા અજયભાઈ કાતરીયાનાઓની ઓફિસમાં ડોમીસાઈલ સર્ટી આવકના દાખલા, નોન ક્રિમિલેયર સર્ટી વિગેરે બનાવતા હોય જે બાબતે ચકાસણી કરેલ જેમાં આવકના દાખલામાં ફક્ત ફોટો લગાડીને તૈયાર કરેલ બોગસ દાખલાઓ તેમજ ડોમીસાઈલ સર્ટીમાં મામલતદારની ખોટી સહીઓ અને મામલતદાર કચેરીના હોદ્દાનો સિક્કો ડુપ્લીકેટ સિક્કાનો ઉપયોગ કરી કોરા કાગળોમાં આવા સિક્કા મારેલ હોય તેવા ઘણા પેપર્સ વાલી મંડળના સભ્યો હાજરીમાં તેઓની ઓફિસમાં રાખેલ મળી આવેલ આ ઉપરાંત આ બોગસ ડોમીસઈલ સર્ટી તથા આવકના દાખલાના હિસાબ કિતાબની ડાયરી પણ મળી આવેલ છે જેમાં રાહુલસિહ અનિરૂધ્ધસિહ મુડાસમા ઉર્ફે રાહુલ દ્વારા લખાયેલ લેવડ દેવડનો હિસાબ તેમાં લખેલો મળી આવેલ છે. આ ઓફિસમાં આવા બોગસ દસ્તાવેજ બનાવવા માટે રાખવામાં આવેલ એક સ્કેનર મશીન તથા સી.પી.યુ પણ મળેલ છે. તેઓ પાસેથી ૪૦ થી ૪૫ વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટી કાઢી આપ્યાની યાદી મળેલ આ કામમા વપરાયેલ વસ્તુઓ જેવીકે સ્કેનર તથા સી.પી.યુ.વિગેરે તેમજ અન્ય ડોક્યુમેન્ટ કબજે કરી આ કામના ફરીયાદીશ્રીની ફરીયાદના આધારે પુણા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૦૦/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૪૬૫,૪૬૮,૪૭૧,૪૭૩,૧૨૦(બી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ (૧)ભાવેશ એમ.કાતરીયા (૨) અજયભાઈ કાતરીયા (૩)રાહુલસિહ અનિરૂધ્ધસિહ ચુડાસમા ઉર્ફે રાહુલ (જન સેવા કેન્દ્રના કોન્ટ્રાકટનો મુખ્ય મેનેજર) તથા (૪) રોહિત જસાણી (જન સેવા કેન્દ્રનો કર્મચારી) નાઓને સદર ગુનાના કામે અટક કરી ગુનામાં વપરાયેલ ઉપરોક્ત ચીજ વસ્તુઓ તપાસ અર્થે કબજે લઈ સફળ કામગીરી કરવામાં આવેલ છે.

# છરીના ઘા મારી ધાડ પાડી લુંટ ચલાવતી ટોળકીને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેરના છેલ્લા કેટલાક સમયથી રાત્રીના સમયે એકલ દોકલ જતા લોકોને ચાકુના ઘા મારી મોબાઈલ, સોનાની ચેન, રોકડા રૂપિયા લુંટી લેવાની ઘટનાઓ બનતા પોલીસ કમિશ્નર દ્વારા આ પ્રકારની એમ.ઓ. થી ધાડ પાડી ચોરી કરતી ટોળકીને તુરંત ઝડપી પાડવા  સુચના આપવામાં આવેલ જે અનુસંધાને ક્રાઈમ બ્રાંચની ટીમના માણસો આ પ્રકારની ટોળકી અગેના વર્ક આઉટમાં હતા દરમ્યાન અ.હે.કો. સત્યપાલસિહ મોહબ્બતસિહ તથા અ.હે.કો.ઈમરાનખાન મહેરાખાનનાઓને મળેલ બાતમી આધારે બમરોલી રોડ કૈલાસનગર ચોકડી પાસે સાવરીયા ઈલેક્ટ્રોનીક દુકાન પાસેથી આરોપી(૧) મનોજ કિરણ દાસ ઉવ-૨૧ રહે-શક્તિનગર ગણપતનગરની પાસે બમરોલી રોડ, પાંડેસરા, સુરત (૨) પપ્પુ બાચુરી ગૌંડ ઉવ-૧૯ રહે.સ્વામીનારાયણનગર  શ્રીરામનગરની બાજુમાં બમરોલી રોડ, પાંડેસરા, સુરત (૩)જીતુ ઉર્ફે રમેશ બિસ્વાલ રહે-ગોવાલકનગર રાણી ભાભીની ચાલ આશાપુરીની બાજુમાં પાંડેસરા, સુરત (૪)સુજયકાંત ઉર્ફે બાબુ ઉદયનાથ શાહુ ઉવ-૨૧ રહે.મહેશભાઈની  ચાલ સંસ્કારનગર આશાપુરી વિભાગ-૨, રઘુવીર સ્કુલની સામે પાંડેસરા, સુરત તેમજ  કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર  આ આરોપીઓ પાસેથી સોનાની ચેન-૧ કિ.રૂપિયા ૪૧,૬૦૦/-મોબાઈલ ફોન-૩ કિ. રૂપિયા ૨૯,૦૦૦/-મો.સા-૩ કિ. રૂપિયા ૧,૧૫,૦૦૦/-ચાકુ-૧ કિ રૂપિયા ૦૦/ કુલ્લે ૧,૮૫,૬૦૦/-ની મત્તાનો મુદ્દામાલ કબજે  કરવામાં આવેલ જે બાબતે પુછપરછ કરતા તા:-૧૮/૦૬/૧૮ ના રોજ રાત્રીના સમયે ડીંડોલી પાંડેસરા, પ્રમુખ પાર્ક જતા ઓવરબ્રિજ પર એક ઈસમને પીઠમાં ચાકુ મારી સોનાની ચેન મોબાઈલ તથા રોકડા રૂપિયા લુંટ કરેલ આ ઉપરાંત તા:૨૧/૦૬/૧૮ ના રોજ ઉધના મગદલ્લા રોડ પર એક ઈસમ પાસેથી મોબાઈલની લુંટ કરેલ તથા તા:૨૪/૦૬/૧૮ ના રાત્રીના ઉમરા હિલ્સ હાઈસ્કુલના ગેટ  પાસે  એક ઈસમને ખભા તથા જાંઘ પર ચાકુ મુકી મોબાઈલની લુંટ કરેલ તેમજ મો.સા. વોન્ટેડ આરોપી મનોજ દિબાકર સ્વાઈનાઓએ આપેલ જે અંગે  ખાત્રી કરતાં પાંડેસરા વિસ્તારમાંથી ચોરી થયેલ. હોવાનું જણાયેલ જે આરોપીઓની વધુ પુછપરછ દરમ્યાન વણશોધાયેલ ગુન્હાઓ (૧)ડીડોલી પો.સ્ટે. ।  ગુ.ર.નં. ૧૪૫/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૯૨,૩૯૪,૩૯૫,૩૯૭, તથા જી.પી. એક્ટ ૧૩૫ (૨) ઉમરા પો.સ્ટે. । ગુ.ર.નં-૧૮૭/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૯૫,૩૯૭ તથા જીપી.એક્ટ ૧૩૫ (૩) ખટોદરા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૪૩/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૪)પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૯૫/૨૦૧૭ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબના ગુન્હાઓ શોધી કાઢવામાં આવેલ છે તેમજ આ અરોપીઓએ પાંડેસરા ગણેશનગર ખાતે તમામની મિત્રતા થયેલ અને શહેરમાં વર્ચસ્વ જમાવવા માટે બદમાશ નામુનુ ગૃપ બનાવેલ અને કોઈ  પ્રતિકાર  કરે તો ચાકુ મારીને પણ લુંટ કરવાનું નક્કી કરેલ જે તમામ આરોપીઓને પકડી પાડી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

## ખુનના ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી લીંબાયત પોલીસ

લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ આ કામના ફરીયાદીશ્રીના માસીના છોકરા ગુફરાન નાઓને તા.૧૫/૦૫/૧૮ ના રોજ રાત્રીના જાહેરમાં આરોપીઓએ એક જુથ થઈ પ્રાણઘાતક તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી મારી નાંખવાના ઈરાદે ગંભીર જીવલેણ ઈજા પહોચાડેલ જે સારવાર દરમ્યાન મરણ ગયેલ. જે ગુન્હો વણશોધાયેલ હોય જે પોલીસ અધિકારીશ્રીઓની સુચનાથી ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ જેમાં લીમ્બાયત પો.સ્ટે. ના પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી આરોપીઓને શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. જીગ્નેશકુમાર મણીલાલ તથા અ.પો.કો.શૈલેષકુમાર સોમાભાઈનાઓને મળેલ બાતમી આધારે સદર ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ(૧) હશન યુસુફ મુન્સરી ઉવ-૨૩ રહે-પ્લોટ નંબર બી/૭૩, ગલી નં-૨, પદમાવતી સોસા., લીમ્બાયત, સુરત (૨) સાકિરખાન અસરફખાન પઠાણ ઉવ-૨૨ રહે-અકબર શહીદ ટેકરો તકવા પાન સેન્ટરની આગળ રૂસ્તમપુરા પોલીસ ચોકી બાજુમાં સલાબતપુરા, સુરત નાઓને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.